GJVD050002622026

**મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ,**
**મુ. સાવલી.**

**ફોજદારી કેસ નં. ૧૩૭/૨૦૨૬**

**આંક–**

=========================================

ફરીયાદી :– શ્રી સરકાર

વિ.

આરોપી :– વિજયભાઈ ચંદુભાઈ ઠાકરડા

=========================================

**ગુન્હો :– પ્રોહીબીશન એકટની કલમ: ૬૬(૧)(બી) મુજબ**

(૧) ફરીયાદ પક્ષની ટુંકી હકીકત એવી છે કે, આ કામના આરોપીએ કેફી પીણાનો નશો કરેલ હાલતમાં જાહેરમાં બકવાસ કરતા મળી આવી પકડાઈ જઈ, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૬(૧)(બી) મુજબનો ગુનો કરેલ હોઈ તે અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે. આરોપી ગુના બાબતે પોતાની મરજી અને સ્વૈચ્છાએ ગુનો કબુલ કરવાનું જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબુલાત પુરશીસ પણ આ કામે રજુ રાખેલ છે. તેની વિગતો વંચાણે લેતાં આરોપી સ્વૈચ્છીક કબુલાત કરતા હોવાનું ફલિત થાય છે.

(૨) આરોપીએ ગુના કબુલાત પુરશીસ આપી અદાલત સમક્ષ જાહેર કરેલ છે કે, તેઓ ગુના બાબતે અજાણ અને અજ્ઞાન હોય પ્રથમ વખત ગુનો બનેલ છે. તેમની પ્રથમવારની ભુલ છે. ભવિષ્યમાં ફરીથી આ પ્રકારનો ગુનો કરશે નહી. ગુના બદલ પ્રાયશ્ચિત કરે છે અને તેઓ ગરીબ ઇસમ  છે અને કુટુંબના ભરણપોષણની તમામ જવાબદારી તેમના શિરે હોય, હવે પછી આવો કોઇ ગુનો નહિ  કરે તેવુ જણાવી, દયા રાખી હળવી સજા કરવા વિનંતી કરેલ છે. વિશેષમાં કોર્ટ દ્વારા આરોપીને સમજાવેલ છે કે, કબૂલાત કરવા તેઓ બંધાયેલ નથી અને ગુનો કબૂલ કરવામાં આવશે તો કાયદાની જોગવાઇ મુજબ મહત્તમ સજા થઇ શકે છે. આમ છતાં આરોપી તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ મંજુર  રાખેલ છે. આરોપીની ગુના અંગે પ્લી લેતાં તેમા પણ આરોપીને ગુનો કબુલ રાખેલ છે.  આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેવામાં આવે તો આરોપીનો પ્રથમ ગુન્હો છે. આરોપી સામે કોઇ ગુનાહિત ઇતિહાસ હોય તેવુ રેકર્ડ પરથી જણાતુ નથી. આરોપી ગુન્હા અંગે પસ્તાવો વ્યક્ત કરતા હોય, સુધરવાની તક માટે અરજ કરતા હોય, આરોપી પર તેમના કુટુંબની જવાબદારી છે તેમ જણાવતા હોય, તે તમામ હકીકત અને આરોપીની આર્થિક તેમજ કૌટુંબિક પરિસ્થિતી અને જવાબદારીને ધ્યાને લેતાં તેમજ આરોપી સામે કોઇ ગુનાહીત ઇતિહાસ રેકર્ડ પર આવેલ ન હોય, તે હકીકત, ગુનાની ગંભીરતા વિગેરે તમામ પરીબળો સાથે સાથે નામદાર ગુજરાત રાજ્યની વડી અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ વાળા ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં કોર્ટ કેસના સંજોગો અને આરોપીની સ્થિતીને ધ્યાને લઇ ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરીને તેમજ ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાઇ રહે તેમ

હોય ઉપરોક્ત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–:: આખરી હુકમ ::–**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ – ૨૭૫ મુજબ પ્રોહી એકટની કલમ– ૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, સદર ગુના સબબ આરોપીને **રૂ.૨૦૦/– ( અંકે રૂપિયા બસો પુરા) નો દંડ ભરવાનો અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે.** આરોપી જો દંડ ન ભરે તો દિન–૩ (ત્રણ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૪ મી, માહે – માર્ચ, સને – ૨૦૨૬ ના રોજ લોક અદાતલમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : સાવલી
તારીખ : ૧૪/૦૩/૨૦૨૬

(પ્રિયંકાબહેન ભગવાનભાઈ ગામીત)
જયુ.મેજી.ફ.ક., સાવલી.
**(GJ–01583)**
સ્પેશ્યલ સીટીંગ જજ (લોક અદાલત)